રાજ-બીજ.

આવૃત્તિ ચોથી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મુંબઈ ગુજરાતી નાટક મંડળી.

મુંબઇ:—

ધી રાઇઝીંગ સ્ટાર પ્રિન્ટિંગ પ્રેસ મધ્યે

મહમદઅલી દાઉદખાને છાપ્યું છે

સને ૧૮૯૯. સંવત ૧૯૫૫,

કિમ્મત રૂ૦-૨-૦

નાટકના પાત્રો.

વીરસિંહ........કલ્યાણીનો રાજા

રાજ } ....તેના છોકરા
બીજ }

મુબારક...........એક સીધી વીરસિંહનો નોકર

ચાંદ .. ..તેનો દીકરો

સેનાપતિ } ......વીરસિંહના
પ્રધાન }

જાલમ............વીરસિંહનો જુનો નોકર તથા પાછળથી યોગી

પ્રતાપ...........પાટણનો રાજા

જયસિંહ.........કનોજનો પાટવી કુમાર

અમીર...........જયસિંહનો

લાખો.............એક ખેડુત

લક્ષ્મી...........રાજ—બીજની મા

મોહના...........રાજ—બીજની ઓરમાન મા

વિમળા...........પ્રતાપની સ્ત્રી

રમા.............પ્રતાપની પુત્રી

છોકરાઓ, દાસીઓ, વારાંગનાઓ, સીપાઈઓ શિષ્યો, વગેરે.

રાજ-બીજ

નાટકનો ટુંક સાર.

કલ્યાણીનો ભોળો અને દયાર્દ્ર દિલનો પણ વેહેમી રાજા વીરસિંહ ચાલતા આવેલા રિવાજ પ્રમાણે બે સ્ત્રીઓ પરણ્યા હતો શોકયની સ્વાભાવિક ઇર્ષ્યાને લીધે નવી રાણી મોહના વીરસિહને લગભગ પોતાનેજ વશ રાખી મુખ્ય રાણી લક્ષ્મી પાસે જવા ન દેતી. દૈવયોગે આવીજ અવસ્થામાં લક્ષ્મીબાઇ ભયંકર રોગને આધીન થઈ અને પોતાના પતિની આ પ્રમાણેની અપ્રીતી જોઇ પોતાના બે બાળક રાજ અને બીજ માટે ચિંતા કરવા માંડી. માના મરણ કાળે પણ પિતાનાં દર્શન થવા ·વિવ લાગવાથી બિચારાં બાળક પરમેશ્વર પ્રાર્થના કરતાં "ના માગવા લાગ્યા, દયાર્દ્ર હૃદયનો ડાક્ટર અતે

વીરસિંહને રાણીની છેવટની પથારીએ લઈ આવી શકયો. વીરસિંહ પોતાની ભૂલ માટે ઘણુંજ પસ્તાયો. સંસાર છોડી જતી પ્રિયાને રાજ અને બીજ વિષેની ચિંતા ન કરવા ભલામણ આપી. પતિનું આ વચન સાંભળી દુઃખી થતી પ્રિયા સંતોષ પામી તેજ પળે પોતાનાં બે બાળકોને ખોળામાંજ રડતાં મુકી પરલોક પામી.

મોહના સ્વાભાવિક રીતે રાજ અને બીજ તરફ દ્વેષથી જોતી હતી. પોતાને સંતાન ન હોવાથી તે મેળવવા હજારો પ્રયત્ન કરતી, તેને વીરસિંહ તરફ આગળથીજ દ્વેષ રાખનાર કોઇ રજપુત યોગીના વેષમાં મળી આવ્યો. આ પ્રપચી અને વિષયી યોગીએ પોતાનાં માણસો પ્રથમથીજ રાજ્યમાં દાખલ કરવા માંડયાં હતાં અને તેથી આ વખતે સૈન્યનો મુખ્ય અધિકાર તથા રાજ્યના કેટલાક અમલદારો તેના હાથમાં હતા. ગરજાઉ મોહના તેના પ્રપંચને ન ઓળખી વેહેમી સ્ત્રીઓની માફક તેને આધીન થઇ ગઇ યોગીએ પોતાનું કામ પાર પાડવા ચતુર અને હમણાં રાજ્ય ખટપટમાં ધ્યાન દેવા માંડેલા રાજને વચમાંથી ખસેડવાની યુક્તિ કરવા માંડી. મોહનાને પણ આ યુક્તિ અનુકુળ આવી, પણ મુબારક નામનો એક હુશિયાર અને નિમક-હલાલ માણસ જેને મોહનાએ યોગી સાથેના સંદેશા લાવ લઈ જા કરવા રોકયો હતો તેને આ બાબત વેહેમ પડતાં તેણે રાજને સર્વ વિગતથી વાકેફ કર્યો.

જોગીએ જે ઢોંગ માંડયો હતો તથા દરબારમાં રહેલા તેના માણુસોએ તેને જે ઉચ્ચ સ્થિતિએ રાજા આગળ મુકી દીધો હતો તેથી વેહેમી વીરસિંહ પણ અંજાઇ ગયો હતો અને જોગી કોઇ પરમેશ્વરનો અવતાર છે એમ માનતો, તેનાથી અતિશય બીહિતો હતો. આ બાબતનો લાભ લઇ જોગીએ મોહના સાથે મળી પોતાની છબી ઉપર અનેક અપશબ્દ લખી રાજના કબાટમાં મુકવા મોકલી આપી; આ પછી રાજા તેને મળતાં પોતાની છબી ચોરવા વિષે તેને કહી મોહનાએ અને તેણે એવું વચન રાજા પાસેથી લીધું કે આ છબીનો ચોર પકડાતાં તેને ઠાર મારવો. બીકણ રાજાએ જોગીના કોપથી બીહી આ પ્રમાણે કરવા કબુલ કર્યું. મુબારક તરફથી ખબર

મેળવી રાજ આ વખતે જોગીના કાવતરાં પકડવામાં ગુંથાયો હતો. દુષ્ટ મોહનાએ પોતાની શોકયના કેટલાક દાગીના તથા તેની છબી જોગીને આપી હતી તે લઇ જોગી પોતાના માણસ સેનાપતિ સાથે છુપા રીતે મસલત કરવા ગયો. આસ્થળે રાજ આવી પોહાચ્યો, માતાનાં ઘરેણાં અને છબી જોતાંજ તેનું હૈયું હાથ ન રહ્યું. તેણે પોતાના માણસોના મદદથી જોગીને પકડયો અને સેનપાતને બેભાન કર્યો, પણ માણસને સોપા પાછાં ફરતાં જોગી છુટી ગયો અને સેનાપતિ જે મુવેલો સમજાયો હતો તેને મળા લશ્કર પોતાને સ્વાધીન લીધું.

રાજના કબાટમાં જોગીના છબી તથા લક્ષ્મીનાં ઘરેણાં છે એવી બાતમી વીરસિંહને મોહનાની દાસીએ આપી. મોહનાએ રાજ અને બીજ સામે રાજાને ઉશ્કેર્યો. વીરસિંહે તેમને છબી વિષેનું પુછયું પણ તે વિષે પોતે કંઇ પણ જાણતા નથી એમ કહ્યું. સાવકી માએ આ ન માનવા ભભેરાયેલ પતિને વધારે ભભેર્યો. બળતામાં ઘી હોમવા રાજે આણેલાં ઘરેણાં ચોરવાનું તોહોમત પણ સાવકી માએ રાજ ઉપરજ મુકયું. બિચારા રાજે ખરા બિના જાહેર કરી પોતાના પિતાને ઠેકાણે લાવવા ઘણા તજવીજ કરી પણ સર્વ ફોકટ ગઇ. બાહારથી દયા બતાવતી પણ અંદરખાનથી છુપથી મારી નંખાવવા તજવીજ કરતા રાણી રાજાને સમજાવવા લાગી કે જો એ બે બાળકને મારી નાંખવામાં નહિ આવે તો જોગી રાજ્યનું કોણ જાણે શું કરી નાંખશે. આવી બીક છતાં પણ ભોળવાયેલા વીરસિંહની છાતી પોતાનાં બાળકોને મારવાને ચાલી નહિ. તેણે પોતાનું પીગળી જતું અંતઃકરણ કઠણ કરી તેમને જન્મ પર્યંત દેશનિકાલ કર્યા. રાજ અને બાળક બીજ રોતા કકળતા પિતા તથા સાવકી માતાને કરગરતા પણ દયાનો જરા પણ અંશ જોવા પામ્યા નહિ, અને રાજપાટ, ઘરબાર, વહાલા પિતાને મુકી મરેલી માતાને સંભારતા પોતાના જન્મભૂમીમાંથી ચાલી નીકળ્યા. આજ પળે જોગી સેનાપતિ તથા લશ્કર સાથે ત્યાં આવી પોહોંચ્યો અને રાજા અને રાણીને કેદ કર્યાં.

અંક ૨ જો.

વનમાં એકલા પડેલાં રાજ અને બીજ ભૂખ્યા તરસ્યા તરફડતા આગળ ચાલવા માંડયા. તરશથી દુઃખી થતા બીજને મૂર્છા આવી. રાજ તેને માટે પાણીની શોધ કરવા તેને ત્યાંજ મૂકી ગયો. પાછળથી સાવધ થતાં ભાઇને ન દેખી તથા દૂર ઝાંઝવાંનાં પાણીથી ઠગાઇ ઓચાચેરો બાળક તે તરફ દોડયો. અંતે એક કુવો જણાયો પાણી ઉપરજ હતું નમીને પીવા જતાં મંદભાગ્યે અંદર જઈ પડયો કોઈ ભલા પણ કઠોર હૃદયના ખેડુતે તેને બાહાર કાહાડયો અને પોતાને ત્યાં રાખ્યો.

રાજ્યના નિમકહલાલ નોકર મુબારકે રાજા રાણીને છોડવવાની તજવીજ કરવા માંડી. પ્રથમ તો તે રાણીને છુપી રીતે છોડવી શકયો. તેને જંગલમાં મૂકી પાછો ફરવાનું કરતો હતો તેટલાંમાં વીરસિંહનો નિમકહલાલ પ્રધાન પણ મળ્યો. તેણે જોગી સામે થવા એક લશ્કર એકઠું કરવા માંડયું હતું ત્યાં રાજા રાણીને લાવવા મુબારકે સૂચવ્યું.

પાણી લાવી ભાઇને ન જોઇ નિરાશ થએલો રાજ તેની શોધમાં ફરતો હતો તેટલામાં ત્યાંથી જતી એક પાલખી ઉપર હુમલો કરતા લુટારાને તેણે જોયા, રાજ બહાદુરીથી વચમાં પડયો, લુટારાને નસાડી પાલખી તરફ પાછા ફરતાં અંદરથી પાટણના રાજાની કુંવરી રમાએ આ કૃત્ય માટે તેનો ઉપકાર માની પોતાના પિતાને ગામ આવવા વિનતી કરી અને રાજ તેમની સાથે ગયો. પરસ્પરની પ્રીતિ દિવસે દિવસે વધતી ગઇ તેથી રાજે ભાઇને શોધવા નાકળવાની રજા માગવા છતાં રમાએ પોતાનું અંતઃકરણ તેને સોંપી થોડો વખત ત્યાં રહેવાના વિનતી કરી.

જંગલમાં એકલી પડેલી મોહના ગમે તેમ રસ્તો કાપતાં જે ઠેકાણે બીજ રાતદિવસ પોતાને બચાવનાર ખેડુતની ચાકરી કરતો હતો ત્યાં આવી પહોંચી ; ખેડુતે દુષ્ટ દૃષ્ટીથી તેને પોતાના ઘરમાં રાખી. બીજ જે હમેશના જુલમથી હવે કાયર થઇ ગયો હતો તેણે પોતાની સાવકી માને ઓળખી અને એ દુઃખી અવસ્થામાં છે માટે મારે એને મદદ કરવી એવા વિચારથી લાગ જોઇ પહેલાં માતાને નસાડી પછી પોતે નાઠો. કઠણ હૃદયની મા હાથમાં આવેલા બાળક

બીજને સંતોષથી જોઇ શકી નહિ. બીજ બીચારો મા ઉપર વિશ્વાસ મુકી એક ઠેકાંણે નિશ્ચિંતપણે સુતો હતો તે વખતે સાવકી માના જુના વિચાર મગજમાં ઉભરાઇ આવ્યા અને ક્રૂર હૃદયની બીજને મારી નાંખવા તૈયાર થઇ, ખંજર લીધું, બીજ ભડકી ઉઠયો, માને કરગરવા માંડયો, પણ પથ્થરની છાતી પીગળી નહિ. ખંજર અને બીજનાં શરીરને માત્ર એક તસુનું છેટું રહ્યું તે વખતે એક ઝેરી સાપ દુષ્ટ કામ કરતી રાણીને ડંખ્યો. ખંજર પડી ગયું, રાણી તમ્મર ખાઇ નીચે પડી, પોતાનો અંત આવેલ જાણી કીધેલા પાપો સંભારતી બીજ પાસે માફ માગવા લાગી. બીજે તેને સર્વ માફ કર્યું અને સર્પનું ઝેર ઉતારનાર કોઇને શોધવા નીકળી પડયો. અહીં પાછલથી કોઇ દયાળુ ખેડુત મોહનાને પીડાતી જોઈ પોતાને ઘેર લઈ ગયો.

અંક ૩ જો.

માતાને કરડેલા સાપનું ઝેર ઉતારવા માટે કોઇને શોધવા નીકળેલો બીજ રખડતાં પોતાના પિતાના નિમકહલાલ પ્રધાનને અનાયાસે મળ્યો. પાછો એજ જગ્યાએ આવતાં માતા દેખાઇ નહિ. વાત કરતાં પ્રધાને તેને ધીરજ આપી પોતે જમા કીધેલું. લશ્કર બતાવી ખોવાએલાં રાજ્ય તરફ તેનું મન લગાડયું.

મુબારક વીરસિંહને ધાર્યા પ્રમાણે કેદમાંથી છોડવી શકયો નહિ, પણ એક દિવસે એમ કરવા જતાં જાલમ તેનો વિચાર જાણી ગયો અને જે વખતે મુબારકે કેદખાનાની સાંકળ ઉઘાડી રાજાને છોડવાનુ કર્યું, તેજ વખતે જોગી તેની ઉપર ધસ્યો. મુબારક નાઠો જોગી પાછળ ગયો. આ તકનો લાભ લઇ વીરસિંહ કેદખાનામાંથી નીકળી ગયો.

મોહનાને જે ખેડુત ઝેર ઉતારવા પોતાને ત્યાં લઇ ગયો હતો તેણે તે સાજી થયા પછી તેને ઘરમાંથી કહાડી મુકી. પોતાના પાપથી પસ્તાયેલી ગાંડી જેવી થયલી મોહના જંગલમાં ભૂખમરાથી પીડાતી અને પોતાને ધીક્કરતો આપઘાત કરતી હતી તેને કેદખાનાંમાંથી નાઠેલો વીરસિંહ અનાયાસે મળ્યો. પરસ્પર ઓળખાણ થતાં મોહના પતિની માફ માગતી અને રાજબીજને સંભારતી રડવા

માંડી, તેટલામાં વિરસિંહની પાછળ પડેલા માણુસોએ તે એને પકડી જાલમ આગળ હાજર કર્યાં. જાલમે મોહનાને પોતાને તાબે થવા કહ્યું, મોહનાએ માન્યું નહિ, એટલે તેના પતિ અને તેની ઉપર જુલમ ગુજારવા માંડયો. પણ તે અચળજ રહી ત્યારે વીરસિંહને તેના નજર આગળજ મારી નાખવા નક્કી કરી તેણે મોહનાને વધારે રીબાવવા માંડી.

આ ખબર મુબારકને પડતાંજ તે પોતાના છોકરાને પ્રધાનની છાવણી તરફ મોકલી પોતે પોતાને મળેલી કંઇક બાતમી પ્રમાણે રાજને શોધવા નીકળી પડયો.

રાજના પ્રેમમાં સપડાયેલી રમા રાજ રાજ કર્યાં કરતી હતી. તેની માતા તેને કોઇ કુળવાન પણ મૂર્ખ વર સાથે વરાવવા ઇચ્છતી હતી પણ તેના પિતાએ એ વરની મૂર્ખતાની સાબીતિ બતાવી રાજને પોતાના જમાઇ તરીકે પસંદ કરી પોતાની પાસે બોલાવ્યો. રાજ આવી હજીતો રમાનાં માતા પિતા તથા રમાને મળે છે તેટલામાં મુબારકે આવી તેને સર્વ ખબર આપ્યા. રાજે એકદમ જવાની રજા માગી તેજ વખતે રમાના પિતાએ પોતાની પુત્રીનું તેની સાથે લગ્ન કરી પોતાનું રાજ્ય તેને આપી લશ્કર સાથે જવા રજા આપી; રાજ અને રમા આ પ્રમાણે ત્યાંથી નીકળ્યાં.

જાલમની કચેરીમાં વીરસિંહને મારવા માટે તૈયારી કરી ફરી એકવાર જાલમે નીચ પ્રકારનો જુલમ મોહના ઉપર કરવા માંડયો. હજી મોહનાએ માન્યું નહિ. જાલમનાજ સેનાપતિથી જાલમનો રાણી ઉપરનો જુલમ જોઇ શકાયો નહિ. તેને કહ્યું, કાંતો બંનેને મારી નાખો અથવા તો છોડી મુકો. જાલમની એક પણ ઇચ્છા પૂરી ન થવાથી અંતે તે બન્નેને મારી નાંખવા જેવો હુકમ કરે છે તેજ પળે એક તરફથી રાજ અને બીજી તરફથી બીજે આવી મારનાર માણુસોને ઘાયલ કરી જાલમને કેદ પકડયો. રાજા રાણી આશ્ચર્ય પામ્યાં. રાજ-બીજ મળ્યા. જાલમનો મુગટ વીરસિંહને પેહેરાવતાં તેને પોતે યોગ્ય નથી એમ જણાવી રાજને આપ્યો, પણ રાજે પોતાને એક રાજ્ય મળેલું હોવાથી નાનાભાઈ બીજને મુગટ પહેરાવ્યો, આ પ્રમાણે રાજના લગ્નની વાત જણાતાં મોહનાની ઇચ્છાથી રમા ત્યાં આવી પોહોંચી વહુ સાસુ સસરાને નમી. દીયર ભોજાઇ આનંદથી મળ્યાં. પાપી જાલમને અને સેનાપતિને ગરદન મારવામાં આવ્યાં.

રાજ—બીજ

અંક ૧ લો.

ઈશ્વર સ્તુતિ.

અપ્સરા—જય જય જશ તુજ જય પ્રભુ ગતી અકલ તારી,
દુખહર સુખકર મનહર હે ભારી. જ૦
અન્યાયીનો, ને ન્યાયીનો, ગતી અતી વારી,
અબળ તણો તું છે સબલ ધણો તું છે;
દાતા શાતા થાતા ચિંતા હારી.
કો શાંતિકર નવ તુજ સમ હર,
કે ભ્રાંતિહર સહુ સુભ કર ધર.
કે દેતા જવર હરી દઈ સુખ સર,
કે રહેતા ધર પ્રિતિ ને પજાદર,
કે પ્હાડ ભુ-પર કર સરખી નજર,
કે ધાડ તિમિર સમકર સહુ પર,
કે સર્વે મહીં ધણુ જર જળ ભર,
કે કરવે ન નિરભયજ વગર. જય૦

૨

રાજ—સુખકારી કરો કબુલ અરજ મારી;
સેવક બાળક માની દુખમાં પડયો વિચારી;
સહાય કરો મુરારા સંકટ નિવારી કરો૦
મ તું મારી દરદ વિદારી, તબિયત સારી કર દુખહારી;
ગુણકારી કરી સેવા સારી, પ્રીતા ધારી પ્રભુ મે છે તારી;
માગુ દેવા ફરી ફરીને દુખ હરીને સુખ કરીને દયા
ધરને પ્યારી. કરો૦

૩

બીજ—નવ બોલ વચન એવું મા તુ. મુજથી નથી સાંભળી રહેવાતું;
મરમાં, ડરમાં, ધરમાં, બ્હાક ધણી, મ્હોત તણી,
તુચ્છ માણી, શોક હણી, મુજ ભણી જોઈ ધીરી થા તું. નવ૦
પુરા પ્રેમથી ઉમગે ધસી લેઈને ઉછંગે,
ધીમી મીઠા ચુમો સંગે, કોણ લાડ કરે રંગે?
માડી પછી ઉછરંગે. ચોળી નવરાવી અંગે,
મીઠી ઉંધના તરંગે, કોણ પોઢાડે, પલંગે?
મારાં બાળ કયાં હશે? ભુખે દુખીયાં થશે,

તાઢ તાપ લાગશે, ઊંઘમાંથી જાગશે.
એમ દીન ને નિશે, કોણ બાળ રાખશે ? નવ૦

૪

મોહના—રંગીલી રસીલી છબીલી જે નાર, એનો શુભ અવતાર; રંગી૦
નર તમામ વશ મુલતાણા સેવક ધાર. રંગી૦
ચકોર અને ચપળ નાજ નખરાનું અંગ,
મધુર વાણી મન ભાવે લલચાવે ને ફસાવે,
નર ચતુરને પણ અપાર કરાને ખુવાર. રંગ૦

૫

વીરસિંહ—ના છબી તારો વિસરૂં પ્યારી,
દુઃખે રીબાઉ વ્હાલી મારો. ના૦
સરળ મતો તુજ સુખદ રીતો તુજ,
દુઃખ દઇ તેમ છતાં મે વિનારો. ના૦

૬

બીજ—કેમ કરૂં ક્યાં હું હરૂં જઇ ?
મન મારૂં બહુ અકળાય દુખી થાય હાય ! કેમ૦
હાય કઠોર થઇ મા પ્યારી ચાલી માઈ ન દયા દિલ ધારી,
જઊં ક્યાં હું રહું ક્યા હું સુખથી ! હાય ! હાય ! હાય ! કેમ૦

૭

રાજ—ધિરજધાર મન બન નહિ દિલગીર બહુ પ્રિય ભાઈ;
આજ કહું પિતાને સકળ વાતજ હુ આપણી. ધીરજ૦
કરશે તુજપર પ્યાર પછી તે લાડ લડાવી વિધવિધ તુજને ;
નહિં કંઇ ઉણું રહે પ્રિય ભાઈ, ધર નહિ શોક લગાર ધીરજ૦

૮

ચાંદ—મ્હેતાજીકા કાન પકડકર થપ્પડજડ ભાગ આતે હમ ;
ઓર ગરદનમેં રસી ડાલકર બદરસા નચવાતે હમ. મ્હેતા૦
જીન બાંધ કમ્મરપર ચઢકર ઘોડાસા દુડવાતે હમ.
ફુલા હય જો હાથી જેસા મેડકસા કુદવાતે હમ.
ક્યું કયસે હમ હુશીયાર, સચ કહો તુમ અબ સરદાર !
હમ સબસેં હય અઈયાર, ચલો ખેલે હો તૈયાર. મ્હેતા૦

૯

મોહના—હુંથી ન ખમાય સુખ લગાર એક તણું ;
છોકરાઓ શોકતણા મારી, ધણી રાજના વિચારી,

મને સકળ અંગમહીં ઉઠે ઝાળ. હું થી૦
શું મુજને જે બાળક થાયે, માલિક રાજતણાં ન ગણાયે;
હાય એ તે કેમ ખમી શકું હું વિચાર? ન૦

૧૦

રાજ—બીજ—થઇ મનમાં રળિયાત, પુરા પ્રેમે ભલી ભાત;
સદા સેવી પિતુમાત, બાળકો સુખી થશે.
થાય જગમાં પ્રખ્યાત, રિઝે ઇશ્વર સાક્ષાત;
હોય નીચ ને કુજાત, માતને ન સેવશે.

૧૧

રાજ—બીજ—દિલ રાક્ષસ જેવું ધાર્યું, નિરદય થાતાં ન વિચાર્યું.
લલચાયું જીગર તમારૂં, પીવાને લોહી અમારૂં!

મોહના—સારૂં! સારૂં! સારૂં!

રાજ—બીજ—દુશ્મન જેવા અમને ધારી, એકલડા બે બાળ વિચારી;
કલંકની પણ બ્હીક વિસારો, લેવા વેર કરી તૈયારી;
સાર ન લેશે કોઇ અમારી, જાણી માનની ધરી ખુમારી;
અરધા ભૂખે તરસે મારી, અપમાને દિલ આગ વધારી;
કઠોર નીચ વચન ઉચ્ચારી, માર્યા જખમ છાતીમાં કારી;
મીઠી મીઠી વાતો પ્યારી. કરો કરી દિલમાંહી ઉતારી;
પિતાજીને ભંભેરી ભારી, થયાં અમારાં જીવિત હારી;
જોઇ અદેખી ચાલ નઠારી, લાજી મરે છે બીજી નારી.

૧૨

મોહના—છોડું કેમ તોડું તેને મારૂં આજે ઠાર હું;
બતાવું હવે શું એને, પ્યાર હું પ્યાર હું, પ્યાર હું પ્યાર હું? છોડું૦
દયા શીદ રાખું ચિત્તે હવે તે લગાર હું?
ભરાયો હવે છ પૂરો, ખાર ખાર ખાર ખાર ખાર ખાર ખાર;
વેર લઉં મારૂં પૂરૂં રાખું ન જરો અધૂરૂં;
મારૂં રીબાવા રાબાવી અપાર હું, અપાર હું, અપાર હું; છોડું૦

૧૩

ચાંદ—હું શીકારમેં હુશિયાર કરદું પાર ચલ્લીકો,
નહિં પાયા કોઈ શીકાર મારૂં ઠાર બિલ્લીકો,
ઊંદર અઓર છછુંદર હમ ઢુંઢે ફિરતે હય હરદમ,
મુગી મખ્ખી ચાહે મન પકડે હમ હય નહિ કુછ કમ.
હમ શીકાર અએસે કરતે, અઓર પેટ મઝેસે ભરતે.
હિરતે ફિરતે ના ડરતે કીસ્સે હો જો બડા આદમ હુશીયાર.

૧૪

મુબારક—કચ્ચા ખાઊં તો હો નામ, શુ હય તુજપર નાકામ,
હમ નહી બને હરગીજ નિમકહરામ;
હમ કાલે કાલે સીદી, હમ બોલે ભાલે સીદી;
માલિકસે રહેના નિમક-હલાલ હય કામ.
સીદીભાઇ, સીદીભાઈ;
હમ જી જાવે પર કરે નહી બદકામ;
તોડું તુમકો, ફોડું તુમકો;
દિખલાદું તુમકો બદકા બદ અનજામ. કચ્ચા.

૧૫

મોહના દાસીઓ } જય યોગીરાજ ઇશનું સ્વરૂપ આપ છો;
સદા પ્રતાપી દિવ્ય દેવતા અમાપ છો.
અમે કરીએ વિનતી તમારી, ઉર ધારી પ્રિતી ભારી;
કરો નજર દયાની સારી થાય જય જય જય જય જય.

મોહના—હરો પાપ દુઃખ સુખ આપી આજ;
સુણો વીનતી અમારી હે કૃપાળુ યોગીરાજ. જય

૧૬

જાલમસિંહ—રસીલી છબ ન્યારી કયા ખુબ બની હય પ્યારી;
બ્રહ્માને હય બનાઇ તુજે વો દેખે અગર એક બારી;
તો વો ભુલે સબ કામ સૃષ્ટી રચનેકા તમામ;
જાવે અનંગ ભી બલિહારી. રસીલી૦
ચંદ્ર સૂર્ય ભી લજ્જીત હોવે સૂરત દેખ તિહારી;
જીસે મારે નેન બાન વાકી જાવે સુધ સાન;
હય ભર જોબન મતવારી! રસીલી૦

૧૭

વીર—જીવથી મારૂં, સહવાર પ્હેલાં બહુ રીબાવી તેને પણ હું લઊંછું. જીવ૦
કરી મારૂં અપમાન છબી ચોરી જે નાદાન,
એ પાપીકેરૂં ગુમાન આજ પૂરૂં ઉતારૂં. પણ હું૦
મુજથીએ ન લગાર, બ્હીનો જરી એ ગમાર,
કરતાં હવે હું ઠાર જરિ દયા શું ધારૂં? પણ હું૦

૧૮

જાલમ—ધરી રાજ્યતણો શિરતાજ. બની મહારાજતણા અધીરાજ ખુશી થઇ ફરશું.

મળ્યો સકળ સુખનો સાજ, સફલ સહુ કાજ થશે મુજ આજ
ચમન ખુબ કરશું ! ધરી૦

કરૂં મોહનાને પ્યારી મારી, જેના જેવા મળે ન બીજી નારી;
મુજ માટે પ્રભૂએ વીચારી, જાણે સ્વર્ગથી રંભા ઉતારી !
મળશું અમુલ્ય રતન, કરૂં જીવથી જતન,
સોંપી તન મન ધન, રહું પ્રેમમાં મગન,
ચઉં નવિન નવિન રસ રંગમહીં લીન
જેમ જળ વિષે મીન, તેમ દિન પ્રતિદિન, રહું પ્રિયા પ્રેમ
રસમાંજ. ધરી૦

૧૯

રાજ—અહા ! શો ચળકાટ તારા ઝબુકે પુરા તેજમાં ! અહા૦
છતરંગ કાળાની આંધી તારા ટપકીની છાંટ. તારા૦
કુદરતની ખુબી જોતાં ટળે સકળ ઉચાટ. તારા૦

૨૦

રાજ—તું વઇ, કાં ગઇ, લૈ લઇને ? શાં—તી—મા—રી. તું૦
સભાળે નાતના, કે નર્વી માતના, માયાની વાતના, પ્રીતીની જાતના.
ભાઇ મારો, પ્રાણ પ્યારો, દુઃખે રડે તરફડે,
ફરૂં શું હું કરૂં શું હું કરૂં શું હું, મરૂં શું હું,
રખડતા, રવડતા, દુઃખી થતા, પુત્ર છતાં;
મા—તા—આ—તા—રા.

૨૧

જાલમ—ગણે છે મને તે ખરો પ્રાણ પ્યારો;
જણાવી શકે ના શરમથી વિચારો. ગણે૦
કરૂં એક વેળા ચમન એની સાથે;
બતાવી શકું તો પછી હાથ સારો. ગણે૦
મરાવી ધણી એહનો એને હાથે;
પછી હું રસીલો પિયાનો થનારો. ગણે૦

૨૨

સેનાપતિ—મન મોહન મુર્તી મધુરી ? મન૦
હસંતી, ધમંતી, રીઝાવે, લોભાવે;
આંખ ચળકે, દર પલકે મુખ મલકે,
કાંતિ ઝળકે, લટ ઢળકે છુટી વિખરી. મો૦
શોભે શી આ, વાંકી ! ભમર કમાન જેવી !

હસી ધીરે જોડે, નેત્ર આણુ છોડે, માનને મરોડે,
સૌનો ગર્વ તોડે. હસંતી૦

૨૩

રાજ—ધિઃકાર છે તને નીચ પાપી બેશરમ.
આ કરમ કરે છોડીને ધરમ, ન નરમ બની,
માફ કેમ કરશે તે પ્રભુજી પરમ? ધિ:૦
હજારો લાચારને ફસાવે તું ગમાર,
કરી ઢોંગ વારંવાર દિલે દયા ન લગાર,
તું વિના વિચાર, પીડે નિરાધાર,
કરૂં નહીં હાર કેમ હું આવાર?
જાણે છોડું શું તું હુ?
જા દૂર થા દૂર થૂ થૂ થૂ જા દૂર થા દૂર-થૂ-થૂ થૂ-ધિ૦

૨૪

બીજ—थोर तुझे उपकार आई थोर०
कोण कलेवर धेउनी फीरवी चिंती लोभ अपार. आ०
नीज न आली तर गीत म्हणे प्रेम नीत्ये अनीवार. आ०
स्मरण तुझ्या ह्या द्रढ ममतेचें होते वारंवार. आ०

અંક ૨ જો.

૨૫

રાજ—ધાર ધીરજ ભાઇ પ્યારા આમ દિલગીર તું ન થા;
દુઃખ આવે તે સહેવું શોક ના કરવો વૃથા. ધાર૦
દુઃખ સુખના ચક્રમાં જન સર્વ નક્કી ફસાય છે;
મોટા સમર્થ રીબાય છે ત્યાં આપણી કહે શી કથા? ધાર૦
જાશે વહિ દિન આ દુખોના ને થશુ સુખીઆ ફરા.
તેથી થઇને શાંત કર દુર દીલની સઘળી વ્યથા. ધાર૦

૨૬

રાજ—નજર કેમ પ્રભૂ કરડી કરી?
નહિં દયા દિલમાહિ જરો ધરી;
દુખ દીધું હજી ઓછું હરી હરી;
વધુ પિડે અમને ફરિને ફરી

૨૭

બીજ—હાય થરથર તન મુજ થાય,
પડયો એકલો ઘોર વનવિષે, મ્હીકથી ધીર ન ધરાય હાય ! હાય૦
મોટાં તરૂવર જંગલ અંદર રચના સુંદર ખુબ જણાય,
કરે જનાવર નાદ ભયંકર તે શુણી થરથર કંપે કાય.
શાંત ન અંતર સૂખ નિરંતર મૂજ સદંતર ગયું જણાય,
તાપથી જીવ આ બહુ અકળાય. હાય૦

૨૮

રાજ—હવે હદ થાય છે જગદીશ નો દુખ આ ખમાયે,
વિના ભાઈ ખરેખર પ્રાણ આ ઉડી જાયે. હવે૦
કરૂં શું જાઉ કહીં શોધું કયાં જઇ તેને ?
સુઝે ના કાંઇએ ઉપાય : ' ચિત્ત બહુ મુંઝાયે. હવે૦
હવે તો કાંઇ ધર દિલમાં દયા દિનાનાથ તારા,
મળીને ભાઇને દુઃખી દિલે આનંદ થાયે. હવે૦

૨૯

હીંબો—આહ ! મઝા મઝા આ વગડામાં સે વાહ ! વાહ ! વાહ
વાહ ! વાહ ! વાહ ! વાહ ! વાહ ! વાહ ! આહા૦
સકલી બોલે સક સક સક, લક્કડ ખોદ કે' ટક ટક ટક
પોપટ બોલે શીટ શીટ, કોયલ બોલે કુઉ કુઉ,
કાગડો બોલે કાકાકા, કે' ઉઠીને ખેતર જા,
તમરાં બોલે ચુંચું, ભમરો બોલે ગુંગું,
કુકડો બોલે કુકરેકુક, વાંદરો બોલે હુક હુક,
કુતરો ભહતો ભહભહભહ, શીયાળવું રૂવે હુંવા હુંવા,
કૈક બોલે બોલી મીઠી, કૈકની ન હારી દીઠી,
કૈક બૂમો પાડે ઝાઝી, કૈક કૂદી થાય રાજી,
કૈક દોડે રાખી રીહ, કૈક ભાગે પાડી સીહ ;
નાસવું કુદવું ખુંદવું સૌ ગમ ;
જોઇને જોઇને મોઇને હો રમે.
ઝાડવાની ઝાડીમાં લપાયસે. આભલામાં કોક ઉડી જાય છે.
રાફડામાં કોક જઇ ભરાયસે પાણીમાં પડીને કોક નાયસે,
જોઇ એવું એવું હધું રાજી રાજી ખૂબ થાઉં,
સૌની હારે હળી મળી નાસી કૂદી ખૂબ ગાઉં. મજા૦ !

૩૦

મુબારક—અચ્છી અચ્છી કુંદી મિલે તુમકો એક બારી,
મૌત-હો-તુમારી. અચ્છી૰
અબ મેં ઠાર, કરદું પાર તુમકો એક આન યાર,
જબ મુબારક નામ હોવે આશકાર,
કીજે દિલ હુશિઆરી. અચ્છી૰

૩૧

મોહના—જુલમ આ શો થયો અમપર થયાં દુખી બધાં સાથે
ગયાં સુખ સર્વ કયાં ઉડી પડી વીપતી સહુ માંથે. જુ૰
પેલે જન્મે કીધાં પાપો હશે શાં શાં અમે હાથે?
કરી જેથી નજર કરડી અમોપર છે જગન્નાથે. જુ૰
રખડતી હુ થઈ રાને દુખી છે કેદમાં નાથે.
નથી આશા ફરી મળશું કદીપણ બઉ સંગાથે. જુ૰

૩૨

લીંબો—દીવાળીનો દનરે દીવાળીનો દન.
આજ સે મારે મનરે, દીવાળીનો દન.
માંડ સડયુંસે હાથે મારે આવું રૂડું રતન!
રમહું, જમહું, ભમહું, ગમહું કરીને મુબ જતનરે. દીવાળી૰
મેનત જરીએ પડી નથીને નથી ખરસ્યું કઈ ધન,
અસકે, મસકે, લટકે, સટકે આવો મનાવ્યું મનરે-દીવા૰

૩૩

રાજ—થઇ આ દશા શી મારી! પ્રભુ કેમ દાદ ન લીધી
લીધાં સુખો છીનાવી કરડી નજર કાં કીધી?
આશાં ગઇ સહુ ન્હાસી, ત્રાસી ફરૂં વનવાસી,
છૂટો પડયો વ્હાલાંથી તોયે દયા ના દીધી-થઈ૰
જનમ્યો થઇને રાજા, ધાર્યું ન સુખની માઝા,
પણ હાય રખડું રાને દુખી તજી નવ નીધી-થઇ.

૩૪

રમા—બચાવી મૂજને આપે બહુ ઉપકાર કીધો.
જીવ દેવા થયા તૈયાર ના વિચાર કીધો.
રાજ—દુખીને સાહ્ય થવા ક્ષત્રી જન્મ આ પામ્યો;
હણીને દુષ્ટને સફળ મેં આ અવતાર કીધો.
રમા—કરી હું શું શકું! વાળી કદી બદલો એનો;

ખરો આભાર જે મુજપર શૂરા સરદાર કીધો.

રાજ—પટે ન માન ઘણું મે નથી કીધું ઝાઝું;

બજાવ્યો ધર્મ એ ઉપકાર ના લગાર કીધો.

૩૫

ચાંદ—મજે ઉડાઉં મએં કરકે હલ્લા, વહવા! વહવા! વહવા! વહવા

ગોરે હમ દેખે ભાલે! મજે ઉડાને વાલે,

બાવા હય સાત કાલે, મછરસે ડરને વાલે,

હય શકલ જયસી ચીનાઇ બિલ્લા વાહવા૦

મુલકોમે નામ કીયા.

લંડન, અમેરીકા, ઔર કાસી, દખન હેદરાબાદ કરાંચી,

લખનઉ, દહેલી ઔર મથૂરા સૂરત, અમદાવાદ બડોદ્રા,

દાદર, માહીમ ઔર બસાઇ, દમન, દહેણું ધૂમ ઉડાઇ.

અલ્હાબાદ અમરતસર, પૂના, કલ્યાની, કુરલા ઔર થાના

જગતમે જાકર હુ દાના;

દુશમનકા હાર કરૂં, તીરોંકી ગાર કરૂં,

પલમે શિકાર કરૂં, લાખો ફિટકાર કરૂં,

દબાઉં ચટ ચટ જલેબી હલવા.—વહવા૦

૩૬

ચાંદ—હમ જવાન હમ જવાન કભી નહિ કિસ્સે ડરે,

હસતે ફિરે, ચમન કરે, અમનમેં રહે.

બાવા હર ફનમેં અધુરે હમે સગ લચ્છનો પૂરે,

કહો કયોં ઇસ્સે ડરૂં મય?—હમ૦

બંદર જયસે બાવાજી, હમતો હય બડે ગુલજાર,

કહો કયોં ઇસ્સે ડરૂં મય?—હમ૦

૩૭

દીબો—જોઇ એનું મુખડું રાજી રાજી થાઉં;

જોઇ એનું લટકું અહો અહો જાઉં;

કાલો થઇ પગમાં પડું હું એના,

ભેટું બાઝું ગાલ કુમળાને સારૂં,

નાસુ કુદુ એની પાછે ખુબ હું,

આપું ખાવા લાબહોને દાળ હું,

આવહે બાઝહે એ મનાઇને! ઓહોહોહો?—જોઇ૦

૩૮

બીજ—જગપતિ કરશે સ્હાય તારી—જગ૦
રચીને જગત સંધું નિયમમાં રાખે;
શક્તિ અકળીત ધારી.—જગ૦
જેણે આપ્યો જન્મ તે કદી ન આપે દુઃખ;
દાંત દીધા તે ચાવણુ દઇને ભાંગે ભુખ
રાખીને ભરોસો પૂરો શરણે તું જઇ જો,
મળશે તુત શાંતી સારી.—જગ૦
પામે પીડા તું કદી તે છે તારી ભૂલ;
મ્હેનત વિણુ કયાંથી કહે મળે કદી પણુ મૂલ.
ધરીને તુ હિમ્મત હૈયે કર કામ તારૂ,
લેશે યશ તો ઉગારી—જગ૦

૩૯

રમા—થયાં માત પિતા વેરી કરી જીંદગી મુજ ઝેરી.—થયાં૦
લે છીનવી તે મુજ પાસેથી મુજ સુખનો આધાર.
ગણ્યો જેને મેં આપી પ્યાર, ખરો દિલદાર, એહૈયાહાર.—થયાં૦
નાના એમ ન બને કદાપી નહી છોડું મુજ ટેક,
ભલે પડતાં દુઃખ અનેક મરી જઉં છેક પતી એ એક—થયાં૦

૪૦

રાજ—નથી હું સૂખી છું રખડતો કુમારી, બાપથી
પામી હું દેશવટો નિરધન નિરાધાર કરૂં વિદેશમાં—ન૦
રાજપતિની બહુજ લાડકી પુત્રી કુંવરી તમે તો,
પછી કો કયમ કદીએ પરણાવે મને માત તાત?—ન૦

૪૧

રમા—પ્યારા મારા ચરણુ સેવું હું તમારાં;
સેવી સ્વામી, શાંતી પામી, દુઃખવામી હ્દયગામી;
થાઉં ખુશી, સાથ વસી એ માંગું છું.—પ્યારા૦
હા કાં આવા
થયા તમે? કઠણુ મને, ન દો ચરણુ શરણુ મને!—સેવી૦
કહો ના ન, અરજ ધ્યાન ધરી કાં ન પ્રાણુદાન
આપો? નાથ દયા ધારો માણુ પ્યારી માનો નારી—સેવી૦

૪૨

રમા—કોને શરણે જાઉં હવે હું કરૂં હું કોની આશા ?
નસીબમાં છે એક લખેલી મારા ફક્ત નિરાશા ;
રોઇ અમે રહી શું, જ્યાં સુધી જીવથી નહિં જઈશું.—રો૦

૪૩

રાજ—મારૂં સકળ સુખ પ્યારી તું, કયમ છોડું પ્રાણ હું.—છે ; મા૦
કેમ ડરે થઇ સુજાણ ? કરે કેમ હરખ હાણ ?
માર નહીં વચન બાણ, પરણું તને પ્રમાણ.
આપુ પ્યારી પ્રેમ લ્હાણ, લેઉં શાંતિ રત્ન ખાણ,
આજ સુખ કેરો ભાણ, ઉગ્યો મારે નિરવાણ,
દુઃખ તણો વળયો ઘાણ, શુભનું થયું મંડાણ,
કરશે પ્રભુ કલ્યાણ ઉરમાં ઉમંગ આણ તું.—પા૦
પ્રાણુથી અધીક પ્યારી, ગણું તને વ્હાલી મારી,
જરા પણ દુખીયારી, જોઈ રહું શું વિચારી ?
ના ના, બ્હીક દે વીસારી મનમાં આનંદ ધારી,
કરીને મ્હેનત ભારી, પામીશ હું પ્રીતી તારી,
આ સેવક જનનો સુખકારી તું.
આ પીડીત મનની દુખહારી તું,
આ જીવન ધનની અધિકારી તું,
અધિક જતનની વ્હાલી મારી તું,—છે, મા૦

૪૪

રમા—નિરધાર એ કુમાર વિણ નથી પ્રાણાધાર ;—નિ૦
કરૂં બીજા પર પ્યાર, કેમ હું કદી લગાર ?
કરો શું વિના વિચાર, મુખથી એવો ઉચાર.—નિ૦
એકપર પ્રેમ ધારે, બીજાને વરી વિસારે,
એને માટે કહો ક્યારે. દુનીયાં સારૂં વિચારે ;
મને સમજાવો ત્યારે, કેમ નીચ થવા ભારે ?
છોડવો ધરમ મારે ? પ્રભુજી નહીં ઉગારે,—નિ૦
ચુપ ! ચુપ ! ચુપ !
ડહાપણ નહિં ધર દોઢડાહી નહી ઠર ;
બન ના બહુ નિડર જા તું તારૂં કામ કર
માતાને મનાવી કહે હઠ વધૂ નહિં લહે,
સુખો થઉં જેમ હું કરે નહિં તેમ શું ?

ગમે તેમ થઇ જાય, બીજાને ન પરણાય,
છોડી બીજી આશા, બસ—જા—જા. ગમે.

૪૫

મોહના—મીઠી મીઠી નીંદર તો આવો તને થાઓ શાંતી
સારી—મો૦
ચિંતા સહુ દુર થાઓ, થાક પાક ઉડી જાઓ,
હર્ષ દિલમાં સમાઓ, દુઃખ દે વિસારી—મીઠી૦
નિજતન સુપુત્ર જેવી રક્ષા કરો દેવ દેવી,
બલા દૂર થાઓ એવી આશીષ ઉચારી.—મીઠી૦

૪૬

મોહના—જીવ બન નીડર હવે ધાર પૂરી હામ;
જોર એકઠું થઈ હાથમાં વસો જઇ,
પ્રાણ હું લઉ લઇ નીચ એ ગુલામ,
થઇ ચૂકયું આ પૂરૂં તારૂં કામ.

અંક ત્રીજો.

૪૭

પ્રધાનનું લશ્કર—
સૌ શુરમર્દો ચકચુર રહી ભરપુર બતાવો જોર;
તીરો ભાલા જમકાવી તોડો એ પાપીનો તોર.
આવી રહ્યો નિશ્વજ હવે જાલમનો જુલમી દોર;
બસ હામ ધરી તુટો તેપર હવે નહી ફાવજ નઠોર.

૪૮

લુલો—રોકો નહિં એજી સાહેબ અમને જાવા દો લડવા આવાર
બધું લશ્કર—એ પાપી જાલમન પકડી કરીએ મારી છુંદી પાર.
બીજ—નહી ફાવે કંઇ જોર હવે પાપીના છળનું;
આવ્યું રહમનજો મ્હોત હવે તે નીચ સકળનું;
થાઓ સાંત શુરવીર કામ નથી ઉતાવળનું;
કળથી કરીએ સર્વ ન ફાવ એકજ બળનું.
લુલો—નાજી થડા થઇને કહીએ બેઠા રહીશું નહિં લગાર. એ૦
લુલો—જ્હેલા ચાલો દોરો ઝટપટ, છોડો ગટપટ તોડો ખટપટ
એની સાજી ટાંગ તાડો, એની સારી આંખ ફોડો,

એને કરો લુચ્ચો ખોડો. કાળું મોઢું માથે ઓડો,
ચૂનો ઉપર ચોળો ચટપટ.

ચાંદ—ઘોડે સવાર હમ હય જનાબ;
અચ્છા હય ખબરદારી, કયો ડરતે હો તુમ દો જવાબ? ઘોડે૦
* * કરકે હોકેંગે, * * કરકે રોકેંગે
તીરો બરછી ઠોકેંગે મત ફિકર કરો સરદાર.

પ્રધાન—સૌ છોડીને ભય, થઇ આનંદ મય, બોલો.

લશ્કર—મહારાજા વીરસિંહનો જય—જય—જય.

૪૯

વીર—થઇ દશા શી મારી આજ! દુઃખે હું હીજરાઉરે હાય!
કરૂં શું કયાં જાઉં! થઇ૦
ગયાં સહું રાજને મ્હેલો ગયાં સહુ દાસને દાસી,
ગયાં આનંદને સુખ હું થયોછું જેલનો વાસી,
ગુમાવ્યાં બાળકો બન્ને રહ્યોછું તેથ હું ત્રાસી,
અઇ નારી ટળે શી રીતથી દિલમાંથી ઊદાસી!
નથી જતું ફાટી દિલ હાય! મરણુ મનથ મ્હાઉં નહિં થાય. ક૦

૫૦

મોહના—બસ થા તું દુર જાતું ઉડી જા, નહિં રહે હવે જગતમાં,
પ્રાણુ હાણુ ખમી ખમી ડુબાવ્યું તે નામ. પામ કામ પાપી કેરૂં
ફળતું ખળતું, ઝટપટ રાજી રાજી થઇ જઇ પાપથી.
આપથી વિચાર નહિં કરી કર્યાં બહુ નીચ કામો—બસ૦
જગમાં જનમ લઈ માત અને તાત કુળ
કલંક તેં બેસાડયું માન વણુસાડયું.
ધર ધર ભટકી ન અટકી, ખુબ હવધુત થતાં,
ચોગરદમ થઇ ફટ ફટ ફટ ફટ જણાઇ તારી ખટપટ,
હાય હજી શું જીવે? બસ૦

૫૧

મોહના—શુ કરમ કથા કહું મારી? કેમ જીંદગી રાખું નઠારી?
બની મ્હોબત તણી અધીકારી, ન ખમાય-હા ચીરાય,
આ હ્રદય કરંતા વાત, થશે મુજ ઘાત જખમથી કારી-શું૦
હાય તમોને પણુ ઠમી કરી ન લેશ વિચાર;
પ્રીતીમાં જોગીતણી પડવા થઇ તૈયાર.

જોકે પડી નથી એ પાપે, જોકે બચીછું આપ પ્રતાપે-નખ૦
આ વિણુ પીડાતાં હતાં નોધારાં એ બાળ;
તોપણ જોતાં તેમને મને પ્રગટની ઝાળ,
તરકટ કરી જુઠું તેપર, મેં કર્યાં રઝળતાં આખર.—નખ૦
બચાવી પાપી પાસથી કર્યા બહુ ઉપકાર;
તે બાળુડાં બાંજપર અતે ધારી પ્યાર.
જાણી જંગલમાં લાચાર, જીવ લેવા થઇ તૈયાર.—નખ૦

૫૨

વીર—દૂર થા દૂર થા જીવ લઈ ન્હાસી જા.
ઉભો શું મુજ સામે તું! પાપ તણું ફળ પામે તું,
ફાવ્યો કાળે કામે તું, ઠાર થઇશ આ ઠામે તું—દૂર૦
ખસ-જા-છટ-હટ, જીવનો. હજી હું તુજને છોડું છું;
કરી તુજપર, દયાના નજર.
છતાં નહિં સ્હમજે તુ, ચાખીશ આની મજે તું.
હતો એક તું ગુલામ, જ્યારે સત્તા આપી આમ,
થયો નિમકહરામ, કર્યું અને બુરું કામ;
એવી હૈયે લાગી લ્હાય, માર્યે તને શાંત થાય,
બચવા હજી તુ ચ્હાય, ન રહે ઉભો જરાય દૂર૦

૫૩

સખાં ખીલી ભાગ્ય દશા તારી,
પામી પતી મન ગમતો પ્યારો—સ૦
આ ધાટા આંબાના સાથે વિંટળાઇ ધરી વ્હાલ!
ફુલી ફાલી હવ ઘેલડી મસ્ત થઇને મ્હાલ. સ૦
કોમળ કરમાતી એકલડી પડી હું નિરાધાર;
મજ અભાગણી તણા કરમમાં હશે હુવર ભરથાર. સ૦
મ્હાઉં આ સુંદર ચંપાને પણ ન શકું જઇ પાસ;
જાણે કોણ દુખ એ અંતરનું મરવું થઇ નિરાશ: સ૦

૫૪

ચર્પાઁહુ—છૂમ છૂમ છૂમ છૂમ આ ઝાંઝ થાય! વાહવા વાહવા,
નાચવું ને કુદવું હો! ગાવું ને ગવાડવું જો!
ખાવું ને ખવાડવું ઓ, રોવું ને રડાવવું રો—
પડે મઝા રમવાનાં ઝટ ઝટ વગાડ વાજું ઝમક ઝમક;

કડમાં તેડી બકી લઈને નાચું કુદું ઠમક ઠમક.

૫૫

રાજ—આજ થઇ પ્રિયે આનંદ ધારા, પાર રહ્યો નહિં હર્ષનો મારા,
રમા—રસીક વ્હાલા પ્રાણથી પ્યારા હૈયાતણા હાર આંખોના તારા ;
ધાર્યા પતી આજ પ્રેમે હું પામી ;
રાજ—સ્હાય થયા પ્રભુ અંતરજામી.
રમા—ઇચ્છા પુરી સહુ દુખડાં વામી ;
રાજ—પ્રિયા રહી હર્ષની લ્હેર જામી.
મળી લાડીલી,
રમા—છું પ્રેમઘેલી,
રાજ—રસ ભરી-
રમા—ને મધુરી-
ચંદ્ર જેવી સૂરત કેવી !
રાજ—ઘટે ન એવી છુપાવી દેવી !
રમા—શું શરમાવો !
રાજ—કાં મન ભાવો ?—આજ૦

૫૬

મોહના—પતિમારા પ્રાણથી પ્યારા આંખોના તારાને— તમાં,
દુખિયારા, તું કરનારા, થાતું ઠગારા દૂર—પર ફરતાં
ઠગાઇ ચડી હવે તારી, નજરે મારીરે.
દૂર દૂર દૂર
જુઠું જણાવે, ડોળ બતાવે, મને પટાવે,
ને ફોસલાવે, લાજ ન આવે, એમ શું ફાવે દૂર-પતિ૦

૫૭

જાલમ—ગણે જુદાઇ પ્રાણ, બની શીદ અણજાણ !
મળી આનંદ લ્હાણ, ચાલ ચમન ઉડાવ,
તું છે છબીલી નાર, હું રંગીલો ભરથાર ;
બન્યું જોડું નિરધાર મણી કુંદન જડાવ,
ઢાંક માથાની વેણ, કાળી નાગ તણી ફેણ ;
પ્યારી અણીઆળાં નેણ, જરા ધીરે નચાવ.
વાગ્યો કલેજે કારી ઘાવ, દુખદેણ ભારી ;
જરા થા દયાળુ પ્યારી, મને મરતા બચાવ.